# શ્રી વીર જિન–સ્તવન

(રાગ–નાગરવેલીયો રોપાવ તારા રાજ મહેલોમાં)

જ્યોતિ ભક્તિની જગાવ,
મારા મનમંદિરે;
વ્હાલા વીરજી તું આવ,
મારા મનોમંદિરે.....જ્યોતિ૦ ૧

ભવ તારક જિનજી પ્યારા,
દિવ્ય જ્ઞાન દર્શન ધારા;

દિવ્ય જ્ઞાન પ્રગટાવ,
મારા મનોમંદિરે....જ્યોતિ. ૨

ત્રિશલાનંદન જગ સારા,
તુજ સમ કો છે આધારા;
તારા સુગુણો વસાવ,
મારા મનોમંદિરે.....જ્યોતિ. ૩

સિદ્ધારથ કુળે દીવો,
તુહિ જગ ચિરંજીવો;
જડ જીવન ઉડાવ,
મારા મનોમંદિરે......જ્યોતિ. ૪

નિર્યામક તુહિ સાચો,
પણ ઉતારૂં હું છું કાચો,
જીવન નાવ તરાવ,
મારા મનોમંદિરે.....જ્યોતિ. ૫

તુંહિ શિવ સુંદરીનો ભોગી,
વળી નિજ ગુણ ગણનો યોગી;
આતમ સુખ ચખાવ,
મારા મનોમંદિરે.....જ્યોતિ. ૬